ભ્ર પ્રેસ નોટ ભ્ર તા.૧૮/૦૮/૨૦૨૩

## નાગેશ્રી પો.સ્ટે. ના હેમાળ ગામેથી જુગાર રમતા ૬ ઇસમોને કુલ કિં.રૂ.૫,૨૦,૪૩૦/- ના મુદ્દામાલ સાથે પકડી પાડી અમરેલી એલ.સી.બી. ટીમ

ભાવનગર રેન્જ આઇ.જી.શ્રી ગૌતમ પરમાર સાહેબ નાઓએ ભાવનગર રેન્જના જિલ્લાઓમાંથી દારૂ-જુગારની બદી દુર કરવા પ્રોહી-જુગારના કેસો કરવા સુચના આપેલ હોય, અમરેલી પોલીસ અધિક્ષકશ્રી હિમકર સિંહ સાહેબ નાઓએ જુગારની ગેરકાયદેસર પ્રવૃતિ કરતા ઇસમો ઉપર વોચ ગોઠવી, તેમના ઉપર સફળ રેઇડ કરવા સુચના અને માર્ગદર્શન આપેલ હતું,

અમરેલી એલ.સી.બી.પોલીસ ઇન્સ.શ્રી એ.એમ.પટેલ નાઓની રાહબરી હેઠળ એલ.સી.બી.ટીમ ગઇ કાલ તા.૧૭/૦૮/૨૦૨૩ ની રાત્રીના નાગેશ્રી પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાઇટ પેટ્રોલીંગ દરમ્યાન બાતમી હકિકત આધારે નાગેશ્રી પો.સ્ટે. નાં હેમાળ ગામે, પાણીના ટાંકાની પાછળ આવેલ ખુલ્લી જગ્યાએ જાહેરમાં પૈસા પાનાથી હારજીતનો જુગાર રમતા છ ઇસમોને જુગાર રમતા રોકડ રકમ, મોબાઇલ ફોન, વાહનો તથા જુગાર સાહિત્ય સાથે પકડી પાડી, બે ઇસમો રેઇડ દરમિયાન નાશી ગયેલ હોય, જે તમામ ઇસમો સામે જુગારધારા મુજબ ધોરણસર કાર્યવાહી કરી,પકડાયેલ આરોપીઓ તથા મુદ્દામાલ નાગેશ્રી પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

### ➪ જુગાર રમતા પકડાયેલ ઇસમોઃ-

(૧) દેવજીભાઇ ઠાકરશીભાઇ પડસાળા, ઉ.વ.૫૯, રહે.હેમાળ, તા.જાફરાબાદ, જિ.અમરેલી.

(૨) ધનશ્યામભાઇ કાળુભાઇ ચૌહાણ, ઉ.વ.૩૩, રહે.હેમાળ, તા.જાફરાબાદ, જિ.અમરેલી.

(૩) ભરતભાઇ સોમાતભાઇ સોલંકી, ઉ.વ.૨૯, રહે.ટીંબી, તા.જાફરાબાદ, જિ.અમરેલી.

(૪) કુમારસિંહ જોધુભાઇ ગોહિલ, ઉ.વ.૨૭, રહે.ટીંબી, તા.જાફરાબાદ, જિ.અમરેલી.

(૫) હરેશભાઇ વિનુભાઇ શિયાળ, ઉ.વ.૨૭, રહે.ટીંબી, તા.જાફરાબાદ, જિ.અમરેલી.

(૬) પરશુરામ દીલીપભાઇ હરીયાણી, ઉ.વ.૩૭, રહે.ટીંબી, તા.જાફરાબાદ, જિ.અમરેલી.

### ➪ જુગારની રેઇડ દરમિયાન નાસી ગયેલ ઇસમોઃ-

(૧) હિરેનભાઇ જાદવ, રહે.ટીંબી, તા.જાફરાબાદ, જિ.અમરેલી.

(૨) દિનેશભાઇ રહે.ટીંબી, તા.જાફરાબાદ, જિ.અમરેલી.

➡ **પકડાયેલ મુદ્દામાલઃ-**

રોકડા રૂ.૫૧,૪૩૦/- તથા મોબાઇલ ફોન નંગ – ૬ કિં.રૂ.૫૪,૦૦૦-/- તથા એક મારૂતિ સુઝુકી એસ/ક્રોસ કાર કિં.રૂ.૪,૦૦,૦૦૦/- તથા એક હીરો હોન્ડા પેશન પ્રો. મોટર સાયકલ કિં.રૂ.૧૫,૦૦૦/- તથા ગંજીપત્તાના પાના નંગ-૫૨ કિં.રૂ.૦૦/- મળી કુલ કિં.રૂ.૫,૨૦,૪૩૦/- નો મુદ્દામાલ.

આ કામગીરી અમરેલી પોલીસ અધિક્ષકશ્રી હિમકર સિંહ સાહેબનાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી એ.એમ.પટેલ તથા અમરેલી એલ.સી.બી.ના એ.એસ.આઇ. બહાદુરભાઇ વાળ, તથા પો કોન્સ. વિનુભાઇ બારૈયા લીલેશભાઇ બાબરીયા, યુવરાજસિંહ વાળા, દ્વારા કરવામાં આવેલ છે.




**પ્રેસ-નોટ** તા.૧૯/૦૮/૨૦૨૩.

## દામનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી એક ઇસમને નશાકારક કેફી પીણાની અલગ-અલગ બોટલો નંગ-૫૨૫, કિં.રૂા.૩૮,૧૯૯/- ના જથ્થા સાથે પકડી પાડતી અમરેલી અમરેલી એસ.ઓ.જી.ટીમ.

ભાવનગર રેન્જ આઇ.જી.શ્રી ગૌતમ પરમાર સાહેબ નાઓએ ભાવનગર રેન્જના જિલ્લાઓમાં નશાયુકત પદાર્થો/પ્રવાહીનું ગેરકાયદેસર વેચાણ કરતા ઇસમો ઉપર કાર્યવાહી કરવા સુચના આપેલ હોય જે અન્વયે અમરેલી પોલીસ અધિક્ષકશ્રી હિમકર સિંહ સાહેબ નાઓએ અમરેલી જિલ્લામાં કફ સિરપ અન્ય આયુર્વેદીક દવાઓના નામે આલ્કોહોલિક દવાઓનું ડોકટરશ્રીના પ્રિસ્ક્રીપ્શન વગર પોતાના આર્થિક ફાયદા સારૂ ગેરકાયદેસર વેચાણ કરતા ઇસમો સામે કડક કાર્યવાહી કરવા સુચના અને માર્ગદર્શન આપેલ હતું.

જે અનુસંધાને એસ.ઓ.જી.પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી એસ.જી.દેસાઇ તથા એસ.ઓ.જી. પોલીસ સબ ઈન્સ્પેક્ટરશ્રી એન.બી.ભટ્ટ તથા કે.ડી.હડીયા નાઓની રાહબરી હેઠળ એસ.ઓ.જી.ટીમ દામનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગ હોય તે દરમિયાન ખાનગી બાતમી રાહે હકિકત મળેલ કે, દામનગર ટાઉનમાં ઉન્ડપા શેરીમાં રહેતા ગૌરાંગભાઇ વિનોદભાઇ ઠાકરનાં કબ્જા ભોગવટાનાં મકાને શંકાસ્પદ હાલતમાં નશાકારક કેફીપીણુ રાખી તેનું વેચાણ કરેલ છે. જે હકિકત આધારે એસ.ઓ.જી.ટીમ દ્વારા રેઇડ દરમિયાન એક ઇસમને નશાકારક કેફી પીણાની બોટલો સાથે પકડી પાડી, મળી આવેલ નશાયુકત બોટલોમાંથી એફ.એસ.એલ. તથા ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગનાઓની તપાસણી અર્થે સેમ્પલ તરીકે લઇ, તમામ બોટલો શકપડતી મિલ્કત તરીકે કબ્જે કરી, પકડાયેલ ઇસમ તથા મુદ્દામાલ આગળની કાર્યવાહી થવા માટે દામનગર પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

➩ **પકડાયેલ ઇસમની વિગતઃ-**

ગૌરાંગભાઇ વિનોદભાઇ ઠાકર ઉ.વ.૩૫ ધંધો-મેડીકલ ઓનર રહે.દામનગર ઉન્ડપા શેરી યોગી રો-હાઉસ મકાન નંબર-૧૦૧ તા.લાઠી જિ.અમરેલી.

➩ **પકડાયેલ મુદ્દામાલઃ-**

(૧)Aqua- Lime 100 ml Manufactured By Azad MKTG & MFG. PVT. LTD. Ahemdabad-40 બનાવટની Alcohol contain- 72 % to 78 % V/V Denatured with 1 % Diethylphthalate લખેલ કુલ પેટી ૦૧ માં-કુલ બોટલ નંગ-૧૦૫ જેની એક બોટલની કિરૂ.ા.૬૦લેખે કુલ કિ.રૂ -/ા૬૩૦૦./-

(૨) Eau De Cologne, 100 ML, Manufactured By, Jayant Chemicals Works Pvt.Ltd. station road, Vartej-364060 (Gujarat), Mfg Lic No.GC/12 Batch No.-217, Mfg Date July 2023 બનાવટની Alcohol content -52 to 58 % Causion Containing: 1 %

Diethylphthalate લખેલ કુલ પેટી-૦૧ માં કુલ બોટલ નંગ-૮૭ જેની એક બોટલની કિ.રૂા.૪૭/- લેખે કુલ કિ.રૂા.૪૦૮૯/-

(3)Aqua- Lavander, 100 ML, Manufactured By, Azad MKTG & MFG. PVT. LTD. Ahemdabad-40 બનાવટની Alcohol contain- 72 % to 78 % V/V Denatured with 1 % Diethylphthalate લખેલ કુલ પેટી૦૧ માં કુલ બોટલ નંગ--૧03 જેની એક બોટલની કિરૂ.ા૭0/- લેખે કુલ કિ.રૂ.ા-/૭૨૧૦.

(૪)HOMEOPATHIC DILUTION, DROSERA 200, 100 ml, Manufactured By, Brijwasi Traders, B.N.Bhargava Market, Lucknow ની બનાવટની Alcohol contains 90% Dosage As Directed by The Physician લખેલ કુલ પેટી ૦૧ માં કુલ બોટલ નંગ--૧3૦ જેની એક બોટલની કિરૂ.ા૧૨૦/- લેખે કુલ કિ.રૂ.ા૧૫.,૬૦૦ -/

(૫)Eau De Lime, Mfg Lic No.GC/12, 100 ML, Manufactured By, Jayant Chemical Works PVT. LTD. station road, Vartej-364060 (Gujarat), બનાવટની Ethyl Alcohol content- 80 % to 85 % caution containing 1 % Diethylphthalate લખેલ કુલ પેટી -૦૧ માં કુલ બોટલ નંગ-૧૦૦ જેની એક બોટલની કિરૂ.ા.૫૦લેખે કુલ કિ.રૂ -/ા-/૫૦૦૦. મળી કુલ કિ.રૂા.3 ૮,૧૯૯/-નો મુદ્દામાલ

આ કામગીરી અમરેલી પોલીસ અધિક્ષકશ્રી હિમકર સિંહ સાહેબ નાઓની સુચનાં અને માર્ગદર્શન હેઠળ અમરેલી એસ.ઓ.જી.પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી એસ.જી.દેસાઇ તથા એસ.ઓ.જી.પોલીસ સબ ઇન્સ્પેક્ટરશ્રી એન.બી.ભટ્ટ તથા કે.ડી.હડીયા તથા એસ.ઓ.જી.ટીમ ના એ.એસ.આઇ. રફીકભાઇ રાઠોડ તથા યુવરાજસિંહ સરવૈયા, તથા પો.કોન્સ. જીજ્ઞેશભાઇ પોપટાણી, સ્વાગતભાઇ કુવરીયા દ્વારા કરવામાં આવેલ છે.